# ઈનોવેશનની શક્તિનો મહત્તમ ઉપયોગ જરૂરી : રાષ્ટ્રપતિશ્રી

## ઇનોવેશન દીર્ઘકાલિન ઉદ્યોગોમાં પરિવર્તિત થાય તે આજની જરૂરિયાત : રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગાંધીનગર નજીક ગ્રામભારતી સંસ્થા ખાતે ૧૦મા રાષ્ટ્રીય ગ્રાસરૂટ



ઈનોવેશન અને વિશિષ્ટ પારંપારિક જ્ઞાન પુરસ્કાર સમારોહમાં જણાવ્યું હતું કે, ઈનોવેશન દ્વારા સ્થાનિક સમસ્યાનો સ્થાનિક સ્તરે સુચારૂ ઉકેલ મળી શકે છે. તેમણે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના ગ્રામ સ્વરાજના અભિયાનના મુળમાં પણ આજ ભાવના હતી.

રાષ્ટ્રપતિશ્રીએ તેમના વકતવ્યની શરૂઆત ગુજરાતી ભાષામાં કરતા કેમ છો એમ પ્રશ્ન પૂછીને જણાવ્યું હતું કે, ગુજરાતી લોકો અને ગુજરાતની વાનગીમાં મીઠાશ હોય છે. રાષ્ટ્રપતિશ્રીએ ગુજરાતીઓની ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, દર વખતે આ પુરસ્કાર સમારોહ રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાતો હતો. પરંતુ આ વખતે રાષ્ટ્રપતિભવનની બહાર સૌ પ્રથમ વખત આ સમારોહ યોજાઈ રહ્યો છે. જેનું શ્રેય ગુજરાતને મળે છે. ગુજરાત ખાતે આ કાર્યક્રમ યોજવા સંદર્ભે રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિક્તાની જન્મભૂમિ છે એટલું જ નહીં, ઈનોવેશનના હિમાયતી રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી થઈ રહી છે ત્યારે આ સમારોહ યોજવા માટે ગુજરાતની પસંદગી કરવામાં આવી છે.

રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં ઈનોવેશની શક્તિનો મહત્તમ ઉપયોગ કરવો જરૂરી હોવાનું જણાવતા રાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું હતું કે, ઈનોવેશનની મહત્તા સમજીને તેનો ઉપયોગ આરોગ્ય, શિક્ષણ, અન્ન સુરક્ષા, ઊર્જા ઉપલબ્ધ, પર્યાવરણ સુરક્ષા તેમજ નેશનલ સિક્યોરીટી જેવા ક્ષેત્રોમાં કરવો જરૂરી છે. જેથી ઈનોવેશન્સનો સામાજિક અને આર્થિક લાભ રાષ્ટ્રને મળી શકે. ઈનોવેટિવ આઈડિયા માટે શાળા કક્ષાએથી જ આપણે શરૂઆત કરવી પડશે તેમ જણાવી રાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું હતું કે, શાળામાં ગોખણપટ્ટી કરવાને બદલે વિદ્યાર્થીઓને જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ કરવા અને પ્રશ્નો પૂછવા પ્રેરિત કરવા પડશે. સમસ્યાઓના સમાધાન માટે વિદ્યાર્થીઓને પ્રવૃત્ત કરવા પડશે.

રાષ્ટ્રપતિશ્રીએ આ પ્રસંગે જે ઈનોવેટર્સને પુરસ્કાર એનાયત કર્યા હતા તેમાં લાઈફ ટાઈમ અચવીમેન્ટ એવોર્ડ ઉત્તરપ્રદેશના પ્રકાશસિંગ રઘુવંશીને ઈમ્પ્રુવડ પ્લાન્ટ વેરાઈટીસ માટે અપાયો. હરિયાણાના શ્યામવીરસિંહને કૃષિ ટેકનોલોજી ક્ષેત્રે, ઉત્તર પ્રદેશના વેદ પ્રકાશને કૃષિ ટેકનોલોજી ક્ષેત્રે, મહારાષ્ટ્રના સંદિપ




વિશ્રામ ધોલેને ડુંગળીની સુધારેલ વિવિધ જાતો માટે, અરૂણાચલ પ્રદેશના અનંગ તદારને ઈન્ટેલીજન્ટ ગોગલ્સ ફોર બ્લાઈન્ડની શોધ માટે, પંજાબના ગુરુતેજસિંહને કૃષિ ક્ષેત્રે, રાજસ્થાનના ગુરુમીતસિંહને કૃષિ ટેકનોલોજી ક્ષેત્રે, તમિલનાડુના એસ.સર્વાનામુથ્થુને એટેચ ટોઈલેટ સાથેના રીમોટ સંચાલીત પલંગની શોધ માટે, બિહારના સંજીવકુમારને કોબી-ફ્લાવરની સુધારેલી વેરાયટી માટે અને બિહારના વિલી યાદવને હર્બલ મેડીકેશન ફોર એનેસ્ટ્રસ માટે નેશનલ એવોર્ડ રાષ્ટ્રપતિના હસ્તે એનાયત કરવામાં આવ્યા.

## ધોરણ-૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના મુખ્ય વિષયોની પરીક્ષા પૂર્ણ

હિંમતનગર, તા. ૧૫

ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધો. ૧૨ સામાન્ય અને વિજ્ઞાનપ્રવાહના મુખ્ય વિષયોના પેપર શુક્રવારે પૂર્ણ થયા છે. જોકે ધો. ૧૦ અને ૧૨ના ગૌણ વિષયોની પરીક્ષા આગામી દિવસોમાં લેવાનાર છે તેજ પ્રમાણે ઉત્તર બુનિયાદીના અભ્યાસક્રમના કેટલાક પેપરો પણ આગામી દિવસોમાં લેવાશે.

આ અંગે શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ગુજરાતીનું પેપર હતુ જેમાં ૯૧૭૨ વિદ્યાર્થીઓ હાજર તથા ૨૪૨ વિદ્યાર્થીઓ ગેરહાજર હતા જ્યારે હિન્દી વિષયમાં આખા સાબરકાંઠામાંથી માત્ર ત્રણ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તેજ પ્રમાણે અંગ્રેજી વિષયમાં નોંધાયેલા કુલ નોંધાયેલા ૧૮૮ પૈકી ૧૮૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે આ વિષયમાં ત્રણ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

શુક્રવારે લેવાયેલી ધો. ૧૨ની પરીક્ષામાં એકપણ કોપીકેસ નોંધાયો નથી. દરમિયાન સોમવારે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું અંગ્રેજીનું પેપર પૂર્ણ થયા બાદ સાયન્સ પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓના મગજમાંથી પરીક્ષાનો ભાર ખુબજ ઘટી જશે. જોકે બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ ગયા બાદ જે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ગુજકેટ તથા અન્ય પરીક્ષાઓ આપવાની છે તે વિદ્યાર્થીઓને હજુ તો મહેનત ચાલુ રાખ્યા વગર છુટકો નથી.





### બનાસકાંઠા બેઠકના ભાજપના ઉમેદવારની પસંદગીની કવાયત શરૂ

લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે ત્યારે સમગ્ર ઉતરગુજરાતમાં મહત્વપૂર્ણ ગણાતી બનાસકાંઠા બેઠકના ઉમેદવારોને લઈ ઉત્સુકતા છવાઈ છે. હાલ કોંગ્રેસમાં ત્રણ નામ ચાલી રહ્યા છે તો ભાજપ સતત છેલ્લી છ ટર્મથી હરિભાઈ ચૌધરીને ટિકિટ આપે છે પરન્તુ આ વખતે સમીકરણો બદલાયા છે તેથી ભાજપના ઉમેદવારને લઈ ઉત્સુકતા વધી ગઈ છે ત્યારે બનાસકાંઠા બેઠકના ભાજપના ચૂંટણી નિરીક્ષકો ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કૌશલ્યા કુંવરબા અને દુસ્યંતભાઈ પન્ડયાએ ગતરોજ ડીસા ખાતે ઉમેદવારની પસન્દગીની કવાયત હાથ ધરી હતી.આ નિરીક્ષકોએ ભાજપના આગેવાનો અને કાર્યકરો સાથે બંધ બારણે બેઠકો યોજી તેમના અભિપ્રાય જાણ્યા હતા. સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકરોના અભિપ્રાયો સાથેનો અહેવાલ ભાજપ મોવડી મંડળને મોકલશે અને ત્યારબાદ ઉમેદવારના નામની સત્તાવાર જાહેરાત થશે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોના નામ હોળી ધુળેટી બાદ જ જાહેર થશે પરંતુ ભાજપના ચૂંટણી નિરીક્ષકોના આગમનને લઈ જિલ્લામાં રાજકીય હલચલ વધી ગઈ છે.

## છબીલ પટેલને દસ દિવસના રિમાન્ડ

અમદાવાદ,તા.૧૫

ગુજરાતના ચકચારભર્યા જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં ધરપકડ કરાયેલા પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલને સીટે આજે ભચાઉ કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો અને તેના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જેની સુનાવણીના અંતે કોર્ટે આરોપી છબીલ પટેલના દસ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ગુજરાતના બહુચર્ચીત એવા ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં ૬૬ દિવસ બાદ મુખ્ય સૂત્રધાર આરોપી છબીલ પટેલ તપાસ ટીમના હાથે લાગ્યો છે. અત્યાર સુધી સીટ દ્વારા આ સમગ્ર હત્યા કેસમાં તેની ભુમિકા અંગે અનેક પુરાવા એકઠા કરવામાં આવ્યા હતા. પરંતુ તેની પુછપરછ વિદેશ હોવાના કારણે શક્ય બની ન હતી. જો કે પરિવારના સભ્યો પર પોલિસની ધોંસ વધતા છબીલ પટેલ સરેન્ડર થયા હતા. સીટના અધિકારીઓએ આજે આરોપી છબીલ પટેલને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ભચાઉ કોર્ટમાં રજૂ કર્યો હતો અને તેના ૧૪ દિવસની રીમાન્ડની માંગણી કરી હતી. જેમાં કોર્ટે છબીલ પટેલના ૧૦ દિવસના રીમાન્ડ મંજુર કરાયા હતા. જો કે છબીલ પટેલના વકીલે તેમનો બચાવ કરતી દલીલો કરી હતી પરંતુ કોર્ટે તે ગ્રાહ્ય રાખી ન હતી જો કે સીટની ટીમે આ અંગે કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો, જ્યારે છબીલ પટેલ પણ કોર્ટ બહાર નિકળતા મીડિયાએ તેને સવાલો પુછ્યા હતા. પરંતુ તેઓ કશુ બોલ્યા ન હતા. જો કે સુત્રોનુ માનીએ તો સીટ દ્વારા જુદા જુદા ૨૨ મુદ્દાઓને લઈને તેના રિમાન્ડની માંગણી કરાઈ હતી. જેમા છબીલની કેસમાં સંપુર્ણ ભુમિકા પ્લાનીંગ અને ભાઉ, મનિષા સહિતના આરોપીઓની ભુમીકા અને સંપર્ક અંગે સીટની ટીમ પુછપરછ કરશે.



### પ્રાંતિજ ખાતે BSNL 4G સેવાનો શુભારંભ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જિલ્લામાં પ્રથમ BSNL 4G સેવાનો પ્રારંભ મ્જીદ્રન્ના મહા પ્રબંધક શ્રવણકુમારના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. પ્રાંતિજ શહેરમાં આજથી BSNL 4G સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જિલ્લામાં પ્રથમ શરૂઆત થઈ. આ સેવાનો પ્રારંભ BSNL 4Gના મહા પ્રબંધક શ્રવણકુમારના વરદહસ્તે આ ઉપયોગી અને આધુનિક સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત સર્કલ BSNL 4G મહા પ્રબંધક ડૉ. પી.કે. હોતા જોડે વિડીઓ કોલીંગ કરી સેવાની વિધિવત રીતે ખુલ્લી મુકી હતી. BSNL મહા પ્રબંધક શ્રવણકુમારના જણાવ્યા પ્રમાણે ટુંક સમયમાં જ આ સેવા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચાલું કરવામાં આવશે. આ પ્રસંગે BSNLના વરિષ્ઠ અધિકારીઓ નગરજનો BSNL સીમકાર્ડ ગ્રાહકો BSNL ડીલરો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુજરાતની તમામ ૨૬ બેઠક ભાજપને નહી જીતવા દઈએ

તાજેતરમાં અમદાવાદમાં યોજાયેલી કોંગ્રેસ વર્કિંગ કમીટીની મહત્વની બેઠક અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીની જન સંકલ્પ રેલી અને જાહેરસભાને ભવ્ય સફળતા મળ્યા બાદ ગુજરાત કોંગ્રેસમાં ખાસ કરીને નાના કાર્યકરોથી માંડી વોર્ડ પ્રમુખો અને સ્થાનિક નેતાગીરીમાં ભારે ઉત્સાહ, જોશ અને નવો સંચાર ફુંકાયો છે. રાહુલ-પ્રિયંકાની જન સંકલ્પ રેલી અને સફળતામાં કોંગ્રેસના અમદાવાદ શહેરના વોર્ડ પ્રમુખો અને નાનામાં નાના કાર્યકરોની પણ બહુ મહેનત કામ કરી ગઈ, જેને લઈ કોંગ્રેસની આ જન સંકલ્પ રેલીની ભવ્ય સફળતા બદલ ખુદ કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા સ્થાનિક નેતાગીરીથી માંડી વોર્ડપ્રમુખો અને કાર્યકરોને અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેઓની કામગીરીને બિરદાવાઈ છે. ખુદ રાહુલ ગાંધીએ તેમના ભાષણમાં કોંગ્રેસના કાર્યકરોને બબ્બર શેર ગણાવી બિરદાવ્યા હતા. કોંગી હાઈકમાન્ડ દ્વારા ગુજરાત કોંગ્રેસમાં ફુંકાયેલા નવા પ્રાણ અને જોશના સંચાર બાદ હવે અમદાવાદ શહેરના વોર્ડ પ્રમુખોથી માંડી કાર્યકરો અને સ્થાનિક નેતાઓ આ વખતે ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો ભાજપને કોઈપણ સંજોગોમાં નહી જીતવા દેવા માટે લડાયક મિજાજમાં આવી ગયા છે. આજે અમદાવાદ શહેરમાં કોંગ્રેસના વોર્ડ પ્રમુખોની એક મહત્વની બેઠક પણ મળી હતી. જેમાં મણિનગર વોર્ડના પ્રમુખ તન્મય શેઠ, પાલડી વોર્ડ પ્રમુખ દેવાંગ નાયક, નવરંગપુરા વોર્ડ પ્રમુખ જય પટેલ, ખોખરા વોર્ડ પ્રમુખ અપૂર્વ પટેલ, બોડકદેવ વોર્ડ પ્રમુખ વિરમ દેસાઈ સહિતના વોર્ડ પ્રમુખો અને આગેવાનોએ ભાગ લીધો હતો. બેઠકમાં કોંગ્રેસના વોર્ડ પ્રમુખો, કાર્યકરો અને આગેવાનોએ ગુજરાત લોકસભાની ગત ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો ભાજપ કબ્જે કરી ગયું હતું, તેના બદલે આ વખતે કોંગ્રેસ શકય હોય તો તમામ ૨૬ બેઠકો હસ્તગત કરે અથવા તો મહ્ત્તમ બેઠકો જીતી ભાજપને જોરદાર પછડાટ આપે તેવો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો.

## અક્ષય અને પરિણિતી ચોપરા અમદાવાદના મહેમાન થયા

અમદાવાદ, તા.૧૫

બેટલ ઓફ સારાગઢી (૧૮૯૭માં ૨૧ શીખ સૈનિકોએ ૧૦,૦૦૦ અફઘાન મિલિટ્રી સામે




લડત આપી હતી) પર આધારિત ફિલ્મ કેસરીના પ્રમોશન અર્થે સુપરસ્ટાર અક્ષય કુમાર અને પરિણીતી ચોપરા આજે અમદાવાદના મહેમાન બન્યાં હતા. ફિલ્મના પ્રમોશનને લઈ અક્ષયકુમાર અને પરિણિતિ ચોપરાએ ઘણી મહત્વની અને રસપ્રદ વાતો પણ કરી હતી. સાથે સાથે દર્શકોએ કયારેય જોઈ ના હોય તેવી સ્ટોરી અને શોર્યની ગાથા આ ફિલ્મમાં જોવા મળશે અને તેથી ફિલ્મને બહુ અદ્ભુત પ્રતિસાદ મળશે તેવી આશા પણ તેમણે સેવી હતી. કેસરી એ એક એક્શન-વોર ફિલ્મ છે, જેનાં ડાયરેક્ટર અનુરાગ સિંહ છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર હવાલદાર ઈશર સિંહના પાત્રમાં જોવા મળશે. ફિલ્મની વાર્તા સારાગઢીના યુદ્ધ પર આધારિત છે. ખાસ વાત એ છે કે, આ ફિલ્મમાં અક્ષય છ કિલોની પાઘડી પહેરીને યુદ્ધ કરતાં જોવા મળશે. અક્ષયે આ પાઘડી પહેરવા માટે પોતાના વાળ પણ કપાવ્યા કે જેથી પાઘડી પહેરવામાં કોઈ પરેશાની ન થાય. આ ફિલ્મના ટ્રેલરમાં દર્શાવવામાં આવેલ ડાયલોગ્સ દર્શકોને ખૂબ જ પસંદ આવી રહ્યાં છે. ફિલ્મ વિશે વાત કરતાં અક્ષય કુમારે જણાવ્યું હતું કે, કેસરી ફિલ્મ એ વીરતા, બલિદાન અને બહાદૂરીની અત્યાર સુધી ક્યારેય સામે ન આવેલી વાર્તા છે. આ ફિલ્મ ૧૮૯૭માં થયેલ બેટલ ઓફ સારાગઢી પર આધારિત છે. વિશ્વના પાંચ મોટા યુદ્ધમાં સારાગઢી યુદ્ધનો સમાવેશ થાય છે. બહુ ઓછા લોકો સારાગઢી યુદ્ધ વિશે જાણે છે.

## રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદનું અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત

અમદાવાદ, તા. ૧૫

ગુજરાતની એક દિવસીય મુલાકાતે પધારેલા ભારતના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ આજે અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચતા રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ અવસરે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કાયદા રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, અમદાવાદના મેયર શ્રીમતી બીજલબેન પટેલ, મુખ્ય સચિવ ડો. જે.એન. સિંઘ, ડી.જી.પી. શિવાનંદ ઝા, અમદાવાદ કલેક્ટર ડો. વિક્રાંત પાંડે, પોલીસ કમિશનર એ.કે. સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

### કોપી કેસ નહીં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. જો કે કલોલના લીંબોદ્રામાં ધો -૧૦ ની ગણિતની પરીક્ષા દરમિયાન એક ડમી વિદ્યાર્થીને પણ શિક્ષણતંત્ર દ્વારા ઝડપી લેવાયો છે. હજુ બોર્ડ પરીક્ષામાં કેટલાક પેપર બાકી છે .ત્યારે વિદ્યાર્થીઓ અંતિમ તબક્કાની તૈયારીમાં લાગી ગયા છે. બાર્ડની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં ઉત્તેજના પ્રબળ બની હતી. જયારે હવે પરીક્ષા પુર્ણતાના આરે છે. ત્યારે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ગુજકેટ અને નીટની પરીક્ષાને ધ્યાને લઈ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આગામી દિવસોમાં આ કસોટી પણ બાર્ડના વિદ્યાર્થીઓ માટે મહત્વની પુરવાર થવાની હોવાથી બોર્ડની પરીક્ષાના અંતિમ તબક્કાને અનુલક્ષી વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો છે.

### આજા ફસાજા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે પાર્કીંગ પાછળ ખર્ચાયેલા લાખો રૂપિયા પણ પાણીમાં ગયા હોવાની સ્થિતિ સ્પષ્ટ થઈ છે. બીજીતરફ આ માટે દબાણની સમસ્યા પણ તેટલી જ જવાબદાર છે. આ સઘળી સ્થિતિ વચ્ચે નગરની સરકારી કચેરીઓના સંકુલમાં પણ મુલાકાતીઓને વાહન પાર્કીંગ માટે ભુલભુલૈયા જેવી સ્થિતિ સર્જાઈ છે. નગરના સહયોગ સંકુલમાં પણ વાહનોનો આડેધડ ખડકલો થાય છે જયારે વિશાળકાય ઉદ્યોગભવનના સંકુલમાં વાહન પાર્ક કરાપાર્ક કરવાની જગ્યા નથી. ઉદ્યોગ ભવન વચાળે સ્થિત બગીચાના લીધે પાર્કીંગ માટે જગ્યા જ રહેતી નથી. જયારે અગાઉ ઉદ્યોગભવનના સંકુલના રીનોવેશનની કામીગીરી દરમિયાન પણ પાર્કીંગ માટે પુરતી જગ્યા રહે તેવુ આયોજન કરાયુ નથી. જેના લીધે રોજબરોજ પાર્કીંગમાં મુલાકાતીઓના વાહનો સલવાય છે. સંકુલમા સ્થિત સાંકડા સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો થાય છે જેના લીધે અવારનવાર નાના મોટા અકસ્માતો પણ થાય છે. સરકારી કચેરીઓના સંકુલમાં પણ પાર્કીંગ વ્યવસ્થાના નામે મીંડુ છે. આ માટે યોગ્ય આયોજન પણ થતુ નથી.

### રદ કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટે કરતાં વેરાવળ સેશન્સ કોર્ટના હુકમ સામે ગુજરાત હાઈકોર્ટમાં ખાસ ફોજદારી અરજી દાખલ કરી હતી. જેમાં એડવોકેટ જનરલ કમલભાઈ બી.ત્રિવેદી અને એડિશનલ એડવોકેટ જનરલ પ્રકાશભાઈ કે.જાનીએ મહત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં સૂત્રાપાડાની જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટે પુરાવાઓ અને કાયદાકીય જોગવાઈઓને લક્ષ્યમાં લઈને પૂર્વ ધારાસભ્ય ભગવાન બારડને બે વર્ષ અને નવ મહિનાની સજાનો ચુકાદો આપ્યો છે. એટલું જ નહી, જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટે તેના ચુકાદામાં રૂ. ૨.૫૩ કરોડની ખનીજ ચોરી થયાનું સ્પષ્ટ તારણ આપ્યું છે. આવા ચુકાદાથી નારાજ થઈને જયારે બારડે સેશન્સ કોર્ટમાં અપીલ કરી ત્યારે સામાન્યતઃ અપીલની સુનાવણી દરમ્યાન જે વ્યકિતને સજા થઈ છે તે જામીન માટેની માંગણી કરી શકે પરંતુ ચુકાદાને સ્ટે કરવાની માંગણી સેશન્સ કોર્ટ દ્વારા સ્વીકારી શકાય નહી. આ બાબતે સુપ્રીમકોર્ટે તેના જુદા જુદા ચુકાદાઓ મારફતે એ સિધ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે કે, એક વખત સજાનો હુકમ થઈ જાય ત્યારપછી બહુ જ અપવાદરૂપ કેસમાં સજાના ચુકાદાની સામે સ્ટે આપવો જોઈએ. કારણ કે, સ્ટે આપવાથી આખા જજમેન્ટને નિરર્થક બનાવી દેવાય છે અને તે જજમેન્ટ અપાયું જ નથી, તેવી સ્થિતનું નિર્માણ થાય છે. તેથી આ કેસના સંજોગો જોતાં એવું કંઈ અનિવાર્ય ન હતું કે, સેશન્સ કોર્ટે ખાસ અધિકારનો ઉપયોગ કરી સજાના ચુકાદા સામે સ્ટે જારી કરવો જોઈએ. વધુમાં સેશન્સ કોર્ટે આ જજમેન્ટને સ્ટે કરતાં પહેલા કાયદાની જોગવાઈ પ્રમાણે, અદાલત સજાનો હુકમ શા માટે સ્ટે કરે છે તેના કારણો વિગતવાર જણાવવા જોઈએ, પરંતુ જણાવ્યા નથી. આ કેસમાં કાયદાકીય જોગવાઈઓ અને સુપ્રીમકોર્ટના પ્રસ્થાપિત ચુકાદાનો ભંગ થયો છે, તેથી હાઈકોર્ટે વેરાવળ સેશન્સ કોર્ટના બારડની સજાને સ્ટે કરતાં હુકમને ગેરકાયદે અને રદબાતલ ઠરાવવો જોઈએ. જસ્ટિસ સોનિયાબહેન ગોકાણીએ સરકારપક્ષની આ દલીલો ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટનો હુકમ રદ કરી ફરીથી આ સમગ્ર મામલે સેશન્સ કોર્ટને સુનાવણી હાથ ધરવા હુકમ કર્યો હતો.

### આતંકી હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે ગોળીબારના સમય પર બાંગ્લાદેશી ક્રિકેટ ટીમ પણ મસ્જિદમાં હતી પરંતુ ટીમના ખેલાડીઓનો સહેજમાં બચાવ થયો હતો. ટીમને સુરક્ષિત કાઢી લેવામાં સુરક્ષા દળોને સફળતા મળી હતી. સાક્ષીઓએ વિગત આપતા કહ્યુ હતું કે હુમલાખોર કાળા વસ્ત્રો પહેરીને આવ્યો હતો. સાથે સાથે માથા પર હેલમેટ પણ પહેરી રાખી હતી. તેની પાસે ઘાતક હથિયારો હતા. જેના કારણે તે ગોળીબાર કરી રહ્યો હતો. ન્યુઝીલેન્ડ પોલીસ અને સુરક્ષા દળોએ ચારેબાજુથી સમગ્ર વિસ્તારને ઘેરી લઈને ઉંડી તપાસ હાથ ધરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતું કે હુમલાના ગાળા દરમિયાન બાંગ્લાદેશની ક્રિકેટ ટીમ ત્યાં જ હતી.

મસ્જિદમાં ગોળીબારની માહિતી મળતાની સાથે જ તમામ ખેલાડી બાકી લોકોની સાથે કોઈ રીતે બહાર આવી ગયા હતા. તમામ ખેલાડીઓને પાસેના પાર્કની પાસે રહેલા રસ્તાથી ઓવલ મેદાનમાં લાવવામાં આવ્યા હતા. બાંગ્લાદેશની ક્રિકેટ ટીમ હાલમાં ન્યુઝીલેન્ડમાં છે. આવતીકાલે શનિવારથી બંને ટીમો વચ્ચે ત્રીજી ટેસ્ટ મેચ ક્રાઈસ્ટચર્ચ ખાતે શરૂ થઈ રહી છે. ન્યુઝીલેન્ડના વડાપ્રધાન જેસિન્ડા ઓર્ડને આને દેશના સૌથી કાળા દિવસ તરીકે ગણાવીને તેની ટિકા કરી હતી. તેમણે કહ્યુ હતુ કે મસ્જિદમાં અનેક જગ્યાએ ફાયરિંગ થતા હાહાકાર મચી ગયો છે. વડાપ્રધાને લોકોને સુરક્ષિત જગ્યાએ રહેવાની સુચના આપી હતી. હુમલો કરવામાં આવ્યો ત્યારે અલ નુર મસ્જિદમાં ૨૦૦ લોકો હતા. એ વખતે જ ગોળીબારનો અવાજ આવ્યો હતો.મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે હુમલાખોરો હુમલો કરતા પહેલા ફેસબુક લાઈવ કરતા તેની ચર્ચા થઈ રહી છે. તપાસ પણ કરવામાં આવે છે. જો કે રિપોર્ટ મુજબ ફેસબુકે તરત જ તેના એકાઉન્ટને બંધ કરી દઈને વધુ તપાસ માટે કહ્યુ હતુ. જો કે ન્યુઝીલેન્ડની સરકારે હજુ સુધી ફેસબુક લાઈનના અહેવાલને સમર્થન આપ્યુ નથી.

### લાલ આંખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલય દ્વારા સંયુક્ત નિવેદન જારી કરીન આ મુજબની વાત કરવામાં આવી છે. ફ્રાન્સે એમ પણ કહ્યુ છે કે તે મસુદને યુરોપિયન યુનિયનની ત્રાસવાદી સંગઠનોની યાદીમાં સામેલ કરવા માટે કામ કરશે. જો કે, પાકિસ્તાન પર પણ આતંકવાદી મસૂદ પર કાર્યવાહીને લઈને જોરદાર વૈશ્વિક દબાણ છે. પુલવામામાં સીઆરપીએફના કાફલા પર થયેલા આત્મઘાતી હુમલાની જવાબદારી જૈશે મોહમ્મદે સ્વીકારી હતી જેમાં ૪૦ જવાનો શહીદ થયા હતા.

### ઓપરેશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે, તે આ આતંકી સંગઠનોના નિશાન પર હતાં. મ્યાંમારના વિદ્રોહી સમૂહ અરાકન આર્મીએ મિઝોરમ સરહદે નવા કેમ્પ તૈયાર કર્યા હતાં જે કલાદાન પ્રોજેક્ટને નિશાન બનાવી રહ્યાં હતાં. અરાકન આર્મીને કાચિન ઈન્ડિપેન્ડન્સ આર્મી દ્વારા નોર્થ બોર્ડર ચીન સુધી ટ્રેનિંગ અપાઈ. સૂત્રોના જણાવ્યાં મુજબ વિદ્રોહીઓએ અરુણાચલ સાથે જોડાયેલા વિસ્તારોથી મિઝોરમ સરહદ સુધી ૧૦૦૦ કિમી સુધીની મુસાફરી કરી. સૂત્રોના જણાવ્યાં મુજબ પહેલા તબક્કામાં મિઝોરમની સરહદ પર નવનિર્મિત કેમ્પોને ધ્વસ્ત કરવા માટે મોટા પાયે સંયુક્ત અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જ્યારે ઓપરેશનના બીજા ભાગમાં ટાગામાં એનએસસીએન (કે)ના હેડક્વાર્ટરને નિશાન બનાવવામાં આવ્યું તથા અનેક કેમ્પોને નષ્ટ કરાયા.

સૂત્રોના જણાવ્યાં મુજબ રોહિંગ્યા આતંકી સમૂહ અરાકાન આર્મી અને નાગા આતંકી સમૂહ એનએસસીએન (કે) વિરુદ્ધ ૨ સપ્તાહ લાંબુ સંયુક્ત ભારત-મ્યાંમાર ઓપરેશન ચાલ્યું. આતંકી સમૂહોએ કલાદાન મલ્ટી મોડલ પ્રોજેક્ટની જેમ ભારતના કનેક્ટિવિટી પ્રોજેક્ટ વિરુદ્ધ હુમલાની યોજના ઘડી હતી.

### બે બેઠક પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સુત્રોના કહેવા મુજબ કોંગ્રેસની યોજના એવી છે કે, જો રાહુલ ગાંધી વધુ એક સીટ પરથી લડશે તો તેમના આસપાસની સીટો ઉપર પણ અસર થશે અને કોંગ્રેસને લીડ મળી શકે છે. દક્ષિણ ભારતમાં જો રાહુલ પોતાની હાજરી નોંધાવશે તો હિન્દુ પટ્ટામાં કમજોર દેખાઈ રહેલી કોંગ્રેસ પાર્ટી એક રીતે ભરપાઈ કરી શકે છે. લોકસભા ચૂંટણીમાં મોદીએ અગાઉ બે જગ્યા પરથી ચૂંટણી લડી હતી. ઉત્તરપ્રદેશની વારાણસી અને વડોદરાની લોકસભા બેઠક પરથી મોદીએ ચૂંટણી મેદાનમાં ઉતરીને તમામને ચોંકાવી દીધા હતા. મોદીની જેમ જ રાહુલ ગાંધી પણ બે બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. મહારાષ્ટ્રના નાંદેડમાંથી ચૂંટણી લડશે તેવી ચર્ચા થઈ ચુકી છે.